## 1) નોંધપાત્ર ગુજરાતી ફિલ્મો

| | |
|---|---|
| **શેઠ સગાળશા(1917)** | - સર્વપ્રથમ મૂક ગુજરાતી ફિલ્મ-પ્રિન્ટ કાઢવાની પ્રક્રિયા સફળ ન થતાં આ ફિલ્મ રજૂઆત પામી શકી નહિ. |
| **શ્રીકૃષ્ણ-સુદામા (1920)** | - ગુજરાતની પ્રાદેશિક-સંસ્કૃતિક લાક્ષણીકતા ધરાવતી સર્વપ્રથમ ગુજરાતી મૂક ફિલ્મ. |
| **નરસિંહ મહેતા (1920)** | - દ્વિતીય ગુજરાતી ફિલ્મ-આમાં કાનજીભાઈ રાઠોડે નરસિંહ મહેતાની ભૂમિકા ભજવી હતી. |
| **ભક્ત વિદુર (1921)** | - ભારતની સર્વપ્રથમ ગુજરાતી રાજકીય ફિલ્મ-રાજકીય કારણોસર પ્રતિબંધિત થનાર ભારતની પ્રથમ ફિલ્મ. |
| **કાળો નાગ (1923)** | - અપરાધ, રહસ્ય અને રોમાંચથી ભરપૂર ભારતની સર્વપ્રથમ ગુજરાતી ફિલ્મ. |
| **મનોરમા (1923)** | - 'કલાપી'ની જાણીતી કાવ્યકૃતિ 'હૃદયત્રિપુટી'નું ફિલ્મી રૂપાંતર. |
| **સમુદ્રમંથન (1924)** | - દિગ્દર્શક ચંપકરાય પટ્ટણીને આ ચિત્રના કેટલાંક સ્પેશિયલ ઇફેક્ટ્નાં દ્રશ્યોની સિદ્ધિ માટે ઈ.સ.1925માં ઇંગ્લેન્ડની 'રોયલ ફોટોગ્રાફી સોસાયટી'એ માનદ્ એસોશિયેટ નીયુક્ત કર્યા હતા. |
| **'ચવચવનો મુરબ્બો' અને 'મુંબઈની શેઠાણી' (1924)** | - ટૂંકી સવાક્(બોલતી) ગુજરાતી ફિલ્મ. |
| **નરસિંહ મહેતા (7 એપ્રિલ, 1932)** | - નિર્માતા : ચીમનભાઈ દેસાઈ, દિગ્દર્શક : નાનુભાઈ વકીલની સર્વપ્રથમ સવાક્ ગુજરાતી ફિલ્મ. |
| **સતી સાવિત્રી (16 એપ્રિલ, 1932)** | - નિર્માતા ચંદુલાલ શાહની દ્વિતીય સવાક્ ગુજરાતી ફિલ્મ. આમાં ગૌહરબાનુ અને ભગવાનદાસે અભિનય આપ્યો હતો. |
| **ફાકડો ફિતૂરી (1940)** | - પ્રથમ ગુજરાતી રમૂજી ફિલ્મ. |
| **રાણકદેવી (1946)** | - દિગ્દર્શક વી.એમ.વ્યાસની અત્યંત લોકપ્રિય ફિલ્મ. |
| **ભક્ત સૂરદાસ (1947)** | - દિગ્દર્શક શાંતિકુમાર દવેની નોંધપાત્ર ફિલ્મ-અરવિંદ પંડ્યા અભિનિત પ્રથમ ફિલ્મ. |
| **મીરાંબાઈ (1947)** | - દિગ્દર્શક નાનાભાઈ ભટ્ટની નિરુપા રોયની મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મ. |
| **કરિયાવર (1948)** | - દિગ્દર્શક ચતુર્ભુજ દોશીની ગ્રામસમાજની પૃષ્ઠભૂમિવાળી સ્નેહકથા-દીના પાઠક અભિનિત પ્રથમ ફિલ્મ. |
| **મહેંદી રંગ લાગ્યો (1960)** | - સૌપ્રથમ વાર ગુજરાત સરકાર તરફથી પ્રોત્સાહક પારિતોષિક મેળવનાર ફિલ્મ. |

| | |
|---|---|
| **હીરો સલાટ (1961)** | - દિગ્દર્શક રામચંદ્ર ઠાકુરની આ ફિલ્મને ઈ.સ.1961ની શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો. |
| **‘નંદનવન’ (1963) અને ‘કસુંબીનો રંગ’ (1969)** | - રાષ્ટ્રપતિ તરફથી ગુણવત્તાનું પ્રમાણપત્ર મેળવનારી ફિલ્મો. |
| **અખંડ સૌભાગ્યવતી (1963-64)** | - ગુજરાત સરકારે સૌપ્રથમવાર આ ફિલ્મને કરમુક્તિ આપી. |
| **લીલુડી ધરતી (1968)** | - પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ. |
| **કંકુ (1969)** | - પન્નાલાલ પટેલની જાણીતી વાર્તા ‘કંકુ’ પર આધારિત દિગ્દર્શક કાંતિલાલ રાઠોડની ફિલ્મ. આ ફિલ્મની અભિનેત્રી પલ્લવી મહેતાને ઈ.સ.1969ના શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો. આ ફિલ્મને ઈ.સ.1970માં શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ તરીકેનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો. |
| **જેસલ-તોરલ (1971)** | - રંગભૂમિના કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રથમ ફિલ્મ. |
| **રાણકદેવી (1972)** | - વડોદરા પાસે આવેલી ‘લક્ષ્મી ફિલ્મ સ્ટુડીયોઝ એન્ડ લેબોરેટરીઝ’ની પ્રથમ ફિલ્મ. |
| **ગુણસુંદરીનો ઘરસંસાર (1972)** | - ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ ‘સરસ્વતીચંદ્ર’ના આધારે ગોવિંદ સરૈયાએ બનાવેલી એક સ્વચ્છ અને કલાત્મક ફિલ્મ. |
| **અછૂતનો વેશ (1978)** | - દિલ્લી ખાતે આઠમા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. ‘ન્યુયોર્ક મ્યુઝિયમ ઓફ મોડર્ન આર્ટ’ દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મ પ્રદર્શિત થઈ. ફ્રાન્સમાં યોજાયેલ ત્રીજા યુનેસ્કો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મને ‘યુનેસ્કો હ્યુમન રાઈટ્સ’ એવોર્ડ પ્રાપ્ત થયો. લંડનમાં યોજાયેલા ‘ન્યૂ ઇન્ડીયન સિનેમા’ ઉત્સવમાં આ ફિલ્મ દર્શાવવામાં આવી હતી. |
| **મહિયરની ચૂંદડી (1983)** | - દિગ્દર્શક વિભાકર મહેતાની આ ફિલ્મને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ફિલ્મનું દ્વિતીય પારિતોષિક મળ્યું. હિંદી(સાજન કા ઘર) સહિત ભારતની નવ ભાષાઓમાં આ ફિલ્મની વાર્તા પર આધારિત ફિલ્મો બની. ‘માહેરચી સાડી’ મરાઠી ફિલ્મોના ઇતિહાસમાં સૌથી વધુ સફળ ફિલ્મ હતી. |
| **હું હુંશી હુંશીલાલ (1993)** | - દિગ્દર્શક સંજીવ શાહની વર્તમાન રાજકારણ પર વ્યંગ કરતી પ્રયોગાત્મક ફિલ્મ. ઈ.સ.1993માં દિલ્લી ખાતે યોજાયેલા ભારતના |

www.gujmaterial.com

| | |
|---|---|
| | આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં આ ફિલ્મ દર્શાવાઈ હતી. |
| **માનવીની ભવાઈ (1994)** | - પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનાર નવલકથા પર આધારિત ફિલ્મ. |
| **દેશ રે જોયા દાદા પરદેશ જોયા (1998)** | - નિર્માતા ગોવિંદભાઈ પટેલની ટિકિટ બારી પર અભૂતપૂર્વ સફળતા મેળવનાર ફિલ્મ. |
| **દરિયાછોરું (1998)** | - દિગ્દર્શક વિપુલ શાહની 35MM સિનેમા સ્કોપમાં બનેલી પ્રથમ ગુજરાતી ફિલ્મ. |
| **સાદ (1998)** | - પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરતી મૂક ફિલ્મ. આ ફિલ્મને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ફિલ્મનું પારિતોષિક એનાયત થયું, પરંતુ આ ફિલ્મ છબીઘરો સુધી પહોંચી શકી નહી. |
| **દીકરીનો માંડવો (2000)** | - નિર્માતા સવજીભાઈ સતાણીની આ ફિલ્મને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ તરીકે અને અભિનેત્રી મોના થીબાને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે એવોર્ડ મળ્યો. |
| | કરમુક્તિ યુગમાં ઉપેન્દ્ર ત્રિવેદી 45 જેટલા ફિલ્મોમાં અભિનેતા રહ્યા. અભિનેત્રી સ્નેહલત્તા સાથે તેમણે 28 ફિલ્મોમાં કામ કરી નવી વિક્રમ સ્થાપ્યો. |

**2) ભારતીય ફિલ્મઉદ્યોગમાં ગુજરાતીઓ**

| | |
|---|---|
| **દિગ્દર્શક** | સરદાર ચંદુલાલ, દલસુખ પંચોલી, વિજય ભટ્ટ, સોહરાબ મોદી, મહેબૂબ ખાન, ગોવિંદ સરૈયા, કાંતિલાલ રાઠોડ, કેતન મહેતા, મનમોહન દેસાઈ, મહેશ ભટ્ટ, પ્રવિણ ભટ્ટ, વિક્રમ ભટ્ટ, મેહુલકુમાર, અબ્બાસ મુસ્તાન, ઈન્દ્રકુમાર, સંજય લીલા ભણશાલી, વિપુલ શાહ, સંજય ગઢવી, નીરજ વોરા, સંજય છેલ વગેરે. |
| **સંગીત નિર્દેશક** | અવિનાશ વ્યાસ, કલ્યાણજી આણંદજી, વીજુ શાહ, ગૌરાંગ વ્યાસ. |
| **કલા નિર્દેશક** | કનુ દેસાઈ. |
| **કલાકારો** | દ્વારકાદાસ સંપટ, માણેકલાલ પટેલ, હોમી માસ્ટર, દિનેશા બિલીમોરિયા, કેકી અડાજણીયા, ફાતમા બેગમ, ઝુબેદા, કૃષ્ણકાંત, સોહરાબ મોદી, આશા પારેખ, પ્રતાપ ઓઝા, નિરુપા રોય, સંજીવકુમાર, વી.એસ.દેસાઈ, દીના પાઠક, ઉપેન્દ્ર ત્રિવેદી, અરુણા ઈરાની, ઊર્મિલા ભટ્ટ, બિન્દુ, પરેશ રાવળ, સુપ્રિયા પાઠક, સિદ્ધાર્થ રાંદેરિયા, દેવેન ભોજાણી, શર્મન જોષી, ડિમ્પલ કપાડિયા, |

www.gujmaterial.com

| | |
|---|---|
| | અરવિંદ રાઠોડ, દેવેન વર્મા, ફારુખ શેખ, નિમેષ દેસાઈ, ગોપી દેસાઈ, મલ્લિકા સારાભાઈ, પરવીન બાબી, જેકી શ્રોફ, અરવિંદ જોષી, જુગલ હંસરાજ, જયંતી પટેલ, મહાવીર શાહ, રત્ના પાઠક, સમીર ખખ્ખર, સંજય ગોરડીયા, અમૃત પટેલ, હોમી વાડિયા, રુબી પટેલ, શરદ સ્માર્ત, પ્રવિણ જોષી, રાજેશ જોષી, દિનેશ હિંગુ, સુજાતા મહેતા, આદિત્ય લાખિયા, ખુરુશ દેબુ, ટીકુ તલસાણીયા, સ્વરૂપ સંપટ, રાજુ બારોટ વગેરે. |

www.gujmaterial.com